ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે, ગણ્યું તે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે....

## રાજ્યમાં વધુ ૪૧૫ નવા કેસ : અમદાવાદમાં ૨૭૯ : ગાંધીનગરમાં ૧૫

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઇઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૪ | ૩ જુન, ૨૦૨૦, બુધવાર; જેઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાતના દરિયા કિનારે વાવાઝોડાની ઘાત ટળી

### આજે વાવાઝોડુ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના હરીહરેશ્વર અને દમણ વચ્ચેથી પસાર થશે : વાવાઝોડાની અસર દક્ષિણ ગુજરાતમાં વરસાદ રૂપે થશે

ગાંધીનગર,તા.૨

કોરોનાના કહેર વચ્ચે ગુજરાત તરફ બીજી એક આફત આગળ વધી રહી હતી. હવે રાહતના સમાચાર છે કે નિસર્ગ નામનું સંભવિત વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠે નહીં ટકરાય. હવે આ વાવાઝોડું મહારાષ્ટ્રના કાંઠા વિસ્તારમાં ટકરાશે. જોકે, તેની અસરને પગલે દક્ષિણ ગુજરાત માં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ત્રીજી જૂનના રોજ દક્ષિણ ગુજરાતમાં કાંઠાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી દેવામાં આવી છે.

હવામાન ખાતાના ડાયરેકટર જયંત સરકારે મંગળવારે મીડિયાને આપેલી માહિતી પ્રમાણે અરબી સમુદ્રમાં ડીપ્રેશન ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ ગયું છે. હાલ તે સુરતથી ૬૭૦ કિલોમીટર દૂર છે. છ કલાક બાદ ડીપ ડિપ્રેશન વાવાઝોડામાં પરિવર્તિત થશે. જે બાદમાં તે (વધારે ખતરનાક) વાવાઝોડું પણ બની શકે છે.

જયંત સરકારના જણાવ્યા પ્રમાણે આવતી કાલે ત્રીજી જૂનના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના હરીહરેશ્વર અને દમણ વચ્ચેથી આ વાવાઝોડું પસાર થશે. એટલે કે અલીગઢ નજીક આ વાવાઝોડું ટકરાશે. આ દરમિયાન તેની ઝડપ ૧૦૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. ગુજરાતમાં તેની કોઈ ખાસ અસર નહીં પડે પરંતુ તેની અન્ય અસરને પગલે દમણ, દાદરા નગર હવેલી, વલસાડ, નવસારીમાં ૮૦થી ૯૦ કિલોમીટરને ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. સુરતમાં ૭૦ થી ૮૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બાકીના જિલ્લાઓમાં ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

વાવાઝોડાની અસરને પગલે ત્રીજી જૂનના રોજ વલસાડ, નવસારી, તાપી, ડાંગમાં વરસાદ પડશે. ચોથી જૂનના રોજ પણ તાપી, ડાંગ અને નર્મદા જિલ્લામાં ભારે વરસાદ પડી શકે છે.

## કાશ્મીરના ત્રાલમાં આતંકવાદી ઠાર

ત્રાલ,તા.૨

જમ્મુ-કાશમીરના ત્રાલમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ સર્જાઈ છે. મંગળવારે સવારે સેનાએ એક આતંકવાદીને ઠાર માર્યો છે. અગાઉ સોમવારે પણ રાજૌરી જિલ્લાના નૌશેરા સેક્ટરમાં એલઓસીની પાસે સેનાએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસે જણાવ્યું કે, ત્રાલ વિસ્તારના સાઈમોહ ગામમાં મંગળવારે સવારે સુરક્ષાદળોને એક આતંકવાદીઓને ઠાર માર્યો છે. સેના અને આતંકવાદીઓની વચ્ચે અથડામણ સર્જાઈ છે.

# ‘આત્મનિર્ભર ભારત’થી વિકાસ થશે : મોદી

### સીઆઇઆઇની એજીએમના સંબોધનમાં મોદીએ ઉદ્યોગજગતને ખાતરી આપી : દેશની અર્થવ્યવસ્થાને ફરીથી મજબુત બનાવવી એ મારી સરકારની પ્રાથમિકતા : હવે મેડ ઇન ઈન્ડિયા અને મેડ ફોર ફોરેન દેશની જરૂરિયાત છે : જો તમે એક પગલું ભરો તો સરકાર ચાર પગલા ભરીને તમારી મદદ કરશે : વડાપ્રધાન મોદીએ ફાઈવ ‘આઈ’, ઈન્ટેન્ટ, ઈક્લુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશનને ખૂબજ મહત્વના ગણાવ્યા

ન્યુ દિલ્હી,તા.૨

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના મહત્વના ઉદ્યોગ સંગઠન સીઆઈઆઈ- ૌની વાર્ષિક સામાન્ય સભાને કરેલા સંબોધનમાં કોરોનાને પગલે દેશના અર્થતંત્રની ગતિ ધીમી પડી હોવાનું જણાવીને આત્મવિશ્વાસ સાથે એવી પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી કે, આજે દેશનું સૌથી મોટું સત્ય એ છે કે ભારતે લોકડાઉન છોડી દીધું છે અને અનલોક ફેઝ-૧માં પ્રવેશ કર્યો છે. અર્તતંત્રનો મોટો ભાગ આ તબક્કે ખૂલી ગયો છે.. આઠ દિવસ પછી અર્થતંત્રનો બીજો મોટો ભાગ ખુલશે ત્યારે દેશની અર્થવ્યવસ્થામાં ચોક્કસ ગતિ આવશે, વિકાસ પાછો આવશે, ભારત ફરીથી આર્થિકક્ષેત્રે અગ્રેસર હશે. કેમ કે આપણે



ભારતને આત્મનિર્ભર બનાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. તેથી દરેક ક્ષેત્રના વિગતવાર અભ્યાસ સાથે આવો, આપણે સાથે મળીને એક આત્મનિર્ભર ભારત બનાવીશું. આ સંકલ્પને પૂરો કરવા જોર લગાડો, સરકાર તમારી સાથે છે. તમે સફળ થશો, જો આપણે સફળ થઈશું, તો દેશ નવી ઉચાઈએ પહોંચશે. સરકાર પર વિશ્વાસ રાખો, એમ પણણ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન મોદીએ આ પ્રસંગે અર્થતંત્ર માટે ફાઈવ ‘આઈ’, ઈન્ટેન્ટ, ઈક્લુઝન, ઈન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઈનોવેશનનો મંત્ર પણ આપ્યો હતો.

કોરોના મહામારીને રોકવા લાદવામાં આવેલા લોકડાઉન-૪ બાદ હવે અનલોક-૧ શરૂ થયાના

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રીશ્રીએ મુખ્યમંત્રી રૂપાણી સાથે વાવાઝોડા સંદર્ભે વાત કરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે સાંજે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ટેલીફોનિક વાતચીત કરીને ગુજરાત પર આવી રહેલા સંભવિત વાવાઝોડા નિસર્ગની આફત સામે રાજ્ય સરકારે કરેલા આગોતરા આયોજન અને પગલાંઓની વિસ્તૃત જાણકારી મેળવી હતી.

પ્રધાનમંત્રીશ્રીએ સંભવિત વાવાઝોડા નિસર્ગની સ્થિતિને પહોંચી વળવા ગુજરાતને કેન્દ્ર સરકારની તમામ મદદની ખાતરી આપી હતી

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૬૪૧૪૧૨૦ | ૩૭૮૬૧૭ | ૨૮૧૩૨૧ |
| ભારત | ૨૦૨૮૬૦ | ૫૬૭૯ | ૯૮૧૧૩ |
| ગુજરાત | ૧૭૬૩૨ | ૧૦૯૨ | ૧૧૮૯૪ |
| ગાંધીનગર | ૩૦૦ | ૧૪ | ૧૬૩ |

# દેશમાં કોરોના સંક્રમિત બે લાખને પાર

### દેશમાં ૨૪ કલાકમાં ૮૧૭૧ કેસ : ૨૦૪ના મોત : કોરોનાના ૯૭૫૮૧ એક્ટિવ કેસ, હજુ સુધી ૫૫૯૮નાં મોત : વાયરસનો રિકવરી રેટ ૪૮.૧૯ ટકા સુધી પહોંચ્યો



નવી દિલ્હી, તા. ૨

કોરોના વાયરસનો આતંક ઘટવાની જગ્યાએ દિવસેને-દિવસે વધી જ રહ્યો છે. દેશમાં છેલ્લા બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખની નજીક પહોંચી રહ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવાર સવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૧૯૮૭૦૬ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૧૭૧ નવા કેસ નોંધાયા છે જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮.૧૯

**પ્રથમ ૧ લાખ કેસ ૬૦ દિવસમાં જ્યારે બીજા ૧ લાખ કેસ ૧૪ દિવસમાં નોંધાયા**

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- મુંબઈમાં ભારે વરસાદ, નિસર્ગ વાવાઝોડના આગમન પૂર્વે દરિયાકાંઠા પર વરસાદી ઝાપટું.
- દિલ્હીના લેફ. ગવર્નર અનિલ વૈઝલના કાર્યાલયમાં ૧૩ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા.
- વડોદરા મહાનગર પાલિકાના વધુ કોર્પોરેટર કોરોનાથી સંક્રમિત.
- ગુજરાતના પૂર્વ સંસાદના પુત્ર અને ભાજપના અગ્રણી તરૂણ બારોટ જેઓ કોરોનાથી સંક્રમિત છે તેમની પ્રધાનમંત્રીએ ટેલીફોનથી ખબરઅંતર પુછી.
- સાવરકુંડલાના નાળ ગામમાં વિજળી પડતાં ૧૬ પશુઓના મોત.
- દિલ્હી સરકારે મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરી જેમાં કઈ હોસ્પિટલમાં કેટલા બેડ ખાલી છે તે જાણી શકાશે.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૭૦૦૧૩ |
| તામીલનાડુ | ૨૪૫૮૬ |
| દિલ્હી | ૨૦૮૩૪ |
| ગુજરાત | ૧૭૬૩૨ |
| રાજસ્થાન | ૯૨૭૧ |

# આસામમાં ભારે વરસાદના પગલે ભૂસ્ખલન

### દક્ષિણી આસામના ત્રણ અલગ-અલગ જિલ્લાઓમાં ભૂસ્ખલનની ઘટનાઓ રાજ્યમાં ભારે વરસાદથી પૂર, ૩.૭૨ લાખ લોકો પ્રભાવિત થયા : ૨૦ના મોત

દિસપૂર,તા.૨

આસામમાં મંગળવારનાં રોજ ભૂસ્ખલનમાં લગભગ ૨૦ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે. મૃતક મુખ્ય રૂપથી દક્ષિણી આસામનાં બરાક ઘાટી ક્ષેત્રનાં ત્રણ અલગ-અલગ જિલ્લાઓ સાથે સંબંધ રાખે છે. આ ઘટનામાં કેટલાંક અન્ય લોકો પણ ઘાયલ થયાં છે. જો કે બચાવ દળ ઘટનાસ્થળ પર પહોંચી



ગયું છે. મૃતકોમાંથી સાત કછાર જિલ્લા, સાત હૈલાકાંડી જિલ્લા અને છ કરીમગંજ જિલ્લામાંથી છે. આ ક્ષેત્રમાં છેલ્લાં કેટલાંક દિવસોથી ભારે વરસાદ વરસી રહ્યો છે. પૂર્વોત્તર રાજ્ય પહેલેથી જ મોટા પાયે પૂર સામે ઝઝૂમી રહ્યાં છે. જેનાંથી લગભગ ૩.૭૨ લાખ લોકો પ્રભાવિત થયાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશનું નામ ભારત કરવા સુપ્રીમમાં જાહેર અરજી

નવી દિલ્હી, તા. ૨

દેશની સુપ્રીમ કોર્ટમાં દેશના નામ બાબતે એક જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે જેમાં અપીલ કરવામાં આવી છે કે આપણા દેશનું નામ ઈન્ડિયાની જગ્યાએ ફક્ત ‘ભારત’ જ રાખવામાં આવે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં મંગળવારના રોજ સુનાવણી થવાની હતી અને ચીફ જસ્ટિસની બેંચમાં સુનાવણી થવાની હતી પરંતુ આજે ચીફ જસ્ટિસની બેંચ બેઠી નહતી. જેના

## દિલ્હી ભાજપ પ્રમુખ પદેથી મનોજ તિવારીની વિદાય

### છત્તીસગઢમાં વિષ્ણુ દેવ, મણીપુરમાં ટીકેન્દ્ર સિંહ પ્રમુખ

નવી દિલ્હી, તા. ૨

દિલ્હી ભાજપના પ્રમુખ પદેથી મનોજ તિવારીને હટાવી દેવામાં આવ્યા છે. તેમના સ્થાને આદેશ કુમાર ગુપ્તાને દિલ્હી ભાજપના નવા પ્રમુખ બનાવવામાં આવ્યા છે. ગુપ્તા ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ મેયર પણ રહી ચુક્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદે જે પી નડ્ડાની વરણી બાદ ભાજપના સંગઠનમાં ફેરફારની બાકી પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી છે. દિલ્હી ઉપરાંત છત્તિસગઢ અને મણીપુરના પ્રદેશ પ્રમુખની પણ વરણી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર




